જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 489, 20th August - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦



## દિશાવિહીન કેન્દ્રની ભાજપ સરકાર

"હમ અદાની કે હૈં કૌન ?"

આશા-નિરાશા... વિશ્વાસ-અવિશ્વાસના રણમાં ભૂલા પડ્યા હોવ ત્યારે...

ભાજપે મણિપુરમાં 'ભારત માતા'ની હત્યા કરી છે : રાહુલજીનું તેજાબી વક્તવ્ય



# સ્વ. શ્રી અહમદભાઇ પટેલની

## જન્મજયંતિ નિમિત્તે
## શત્ શત્ વંદન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**સંપાદક અને પ્રકાશક**

વિજય દવે

**સહ સંપાદક**

ડો. મનિષ દોશી

RNI No. : 70957/1998

L-5/131/GAMC/1720/2021-23

**વર્ષ : ૧૬-૧૭**

**સળંગ અંક : ૪૮૯**

**20, August - 2023**

**રજિ. કાર્યાલય**

**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**

મંગલપ્રભાત બિલ્ડિંગ,

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,

**અમદાવાદ**

E-mail : krutsankalp2015@gmail.com

**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**

વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,

આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**દેશના** ૭૭માં સ્વાતંત્ર્ય દિનના શુભ અવસરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે તિરંગો લહેરાવીને પ્રદેશ કોંગ્રસના નેતાગણ અને કાર્યકરો સાથે સલામી આપી હતી. આજ દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે લાલકિલ્લા પરથી રાષ્ટ્રજોગ પ્રવચન કર્યું હતું. તેમનું આ પ્રવચન જાણે કોઈ ચુંટણી સભાનું રાજકીય પ્રવચન હોય એવું લાગ્યું. ખરેખર એ વાત ખેદજનક છે કે, વડા પ્રધાનને રાષ્ટ્રીય દિવસ અને રાજકીય કાર્યક્રમ વચ્ચે શું ફરક હોય તે ખબર જ નથી. સ્વાતંત્ર્ય દિનના પ્રવચનમાં રાજકીય વાતોને કોઈ સ્થાન હોતું નથી. મોદીજીએ પોતાના ભાષણમાં એવું કહ્યું કે, ૨૦૨૪માં પણ હું લાલકિલ્લા પરથી ફરી ધ્વજ લહેરાવીશ. વડા પ્રધાનના આ દાવામાં તેમનો અહંકાર સ્પષ્ટપણે દેખાય છે. ૨૦૨૪ની ચૂંટણીમાં ભારતના લોકો નિર્ણય કરશે કે કોને જીતાડવા કે કોને હરાવવા. મોદીજી, કમસેકમ ૨૦૨૪ સુધી તો રાહ જુઓ.

ભાજપ સરકાર લોકતાંત્રિક અને સંવૈધાનિક સંસ્થાઓ કબજે કરવાની દિશામાં આગળ વધી રહી છે. છેલ્લે છેલ્લે ચૂંટણી કમિશનરોની નિમણુંક મામલે ભાજપ સરકારે એક નવું બિલ લાવીને સુપ્રીમ કોર્ટના ચુકાદાને પણ પલટાવી નાખ્યો છે. સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં જણાવ્યું હતું કે વડા પ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની બનેલી એક ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણ પર રાષ્ટ્રપતિ ચૂંટણી કમિશનરોની નિમણૂંક કરશે. ભાજપે હવે આ બિલ દ્વારા સમિતિમાંથી મુખ્ય ન્યાયમૂર્તિની બાદબાકી કરી નાખી છે અને તેમના સ્થાને એક કેન્દ્રીય કેબિનેટ પ્રધાનનો સમાવેશ કરાયો છે. આમ ભાજપ સરકારે હવે ચૂંટણી કમિશનરની નિમણૂંકને પુનઃ સરકારના નિયંત્રણમાં લાવી દીધી છે અને આ રીતે ચૂંટણીપંચ જેવી સંવૈધાનિક સંસ્થા પર કબજો કરી લીધો છે.

એક દુઃખદ સમાચાર છે કે, અમારા સાથી, ગુજરાત સેવાદળના પૂર્વ પ્રમુખ અને મેરીટાઇમ બોર્ડના પૂર્વ ચેરમેન શ્રી મૌલિનભાઈ વૈષ્ણવના સ્વર્ગવાસથી એક મોટી ખોટ પડી છે. વિદ્વાન, મિલનસાર અને ચુસ્ત કોંગ્રેસી શ્રી મૌલિનભાઈની લાગણી હંમેશાં મારા સાથે હતી. સદ્દગતને શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું. ઈશ્વર તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે. ૐ શાંતિ.

કોંગ્રેસ પક્ષના વિરલ અને વરિષ્ઠ નેતા તેમજ પથદર્શક એવા જન્નતનશીન અહેમદભાઈ પટેલની ૨૧મી ઓગસ્ટે જન્મજયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાસુમન. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યપ્રધાન દિવંગત ડો. જીવરાજ મહેતાની ૨૯ ઓગસ્ટે જન્મજયંતિ પર તેમને પણ શ્રદ્ધાંજલિ સાથે વંદન. ૩૦ ઓગસ્ટે રક્ષાબંધનના પર્વની તમામ દેશવાસીઓને શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

**શક્તિસિંહ ગોહીલ**

પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. **- નવલકથાકાર જોનગ્રિશમ**


MANIPUR CM
VIOLENCE
Alok


थोड़ा सा डस दे बहन
भाषण देने जाना है !
True Journalist
www.truejournalist.com


हमारा लोकतंत्र अमेरिका में।
लोकतंत्र हमारी आत्मा है,लोकतंत्र हमारी रगों में है,लोकतंत्र हम जीते हैं।
हमारा लोकतंत्र भारत में।
लोकतंत्र सिंह जी, ये भारत है और आपको चुप रहना है।


सरकार मदद,मदद एक बार आ जाएँ।
मणिपुर सिंह जी हम सिर्फ़ चुनाव के समय आते हैं।
मणिपुर


ऐसे कैसे नहीं,नहीं ?..अपने तीसरे कार्यकाल में मैं तेरे सारे सपने पूरे कर के ही रहूँगा !...
True Journalist

# દિશાવિહીન કેન્દ્રની ભાજપ સરકાર

**ભાજપે નવ વર્ષમાં માત્ર લોકોની ચૂંટાયેલી સરકારોને તોડવાનું જ કામ કર્યું છે, છેલ્લા નવ વર્ષમાં ભાજપે નવ રાજ્યોમાં સરકારો તોડી પાડી છે, આ રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, ઉત્તરાખંડ, કર્ણાટક, ગોવા, પુડુચેરી, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે**

**કેન્દ્ર** સરકાર વિરુદ્ધ વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર વડા પ્રધાન મોદીએ લોકસભામાં જવાબ આપ્યો હતો. તેમના લગભગ ૨.૧૨ કલાકના ભાષણમાં મહત્વની બાબત એ હતી કે જે મણિપુર વિષે વિપક્ષ અવિશ્વાસ પ્રસ્તાવ લઈને આવ્યો હતો તે અંગે વડા પ્રધાને છેક ૧.૫૨ કલાક પછી નિવેદન કર્યું હતું, પરંતુ તે પહેલાં વિપક્ષે મણિપુર...મણિપુરનો સૂત્રોચ્ચાર કરી ગૃહમાંથી વૉકઆઉટ કરી દીધો હતો. તેમણે ફક્ત ચાર મિનિટ માટે મણિપુરનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં આજની પરિસ્થિતિ અંગે તેમનું નિવેદન ન હતું. ફક્ત મણિપુરમાં જે થઈ રહ્યું છે તે અક્ષમ્ય છે, દોષિતોને સજા કરવા મહત્તમ પ્રયાસો થઈ રહ્યા છે, અમે તમામ પગલાં ભરીશું, શાંતિનો સૂરજ ઉગશે, નવા વિશ્વાસ સાથે આગળ વધશે તેવા ખોખલાં સૂત્રો સાથે તેમના સ્વભાવ મુજબ નિવેદન કર્યું હતું. જ્યારે તેમના ભાષણનો બધો જ સમય વિપક્ષોને ટોણાં મારવા, વિપક્ષને નીચા પાડવામાં જ સમય પસાર કર્યો હતો.

વડા પ્રધાનનું ભાષણ કઈ કક્ષાનું હતું ? સંસદમાં અત્યાર સુધી અગાઉના વડા પ્રધાનોને સરખાવતાં તેમનું આ ભાષણ સાંભળીને દેશની પ્રજા સ્તબ્ધ બની ગઈ. ભાષણનું ક્યું લેવલ અને ભાષણનું ક્યું સ્તર ? કોઈ જ જાતની માન-મર્યાદા કે શિસ્ત નહીં. ફિલ્મ અભિતાભ બચ્ચનનું શરાબીનું ગીત ''ડૂબનેવાલે કો તીનકે કા સહારા હી બહોત... દિલ બહલ જાએ ફક્ત ઈતના ઈશારા બી બહોત... ઈતને પર ભી આસમાંવાલે ગીરા દે બીજલીયાં તો ડૂબતા ક્યા કરે..?'' ભાષણમાં કશું જ નોંધવા લાયક ન હતું. તેમના આ વાક્યો ''તેમના માટે દેશ, નાગરિકો પ્રાથમિકતા નથી, તેમના માટે સત્તાની ભૂખ મહત્વની છે.'' આ વાક્યો તેમના પક્ષને જ લાગુ પડે છે, કારણ કે ભાજપની સત્તા લાલસા જાણીતી છે. તે સત્તા વગર ક્યારેય રહી શકતો નથી. ભાજપે નવ વર્ષમાં માત્ર લોકોની ચૂંટાયેલી સરકારોને તોડવાનું જ કામ કર્યું છે. છેલ્લા નવ વર્ષમાં ભાજપે નવ રાજ્યોમાં સરકારો તોડી પાડી છે. આ રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, ઉત્તરાખંડ, કર્ણાટક, ગોવા, પુડુચેરી, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. આ સત્તા લાલસુ અને ઘમંડી સરકારના વર્તનમાં હંમેશાં અહંકાર દેખાય છે. ''બે દાયકા જૂના યુપીએની અંતિમક્રિયા કરી ખંડેર પર નવું પ્લાસ્ટર કર્યું- અને - બેંગ્લુરુમાં તમે બધાએ બે દાયકા જૂના 'યુપીએ'નું ક્રિયાકર્મ કરી નાંખ્યું... તેમણે દાયકા જૂની ખટારા ગાડીને ઈલેક્ટ્રિક વાહન બતાવવા નવું નામ આપ્યું...'' આ વાક્યો વડા પ્રધાન મોંમાં શોભે ખરા ?




મણિપુરમાં કાયદો અને વ્યવસ્થા બિલકુલ પડી ભાંગી છે. રાજ્યના પાંચ પોલીસ સ્ટેશનમાંથી ૫૦૦૦થી

વધુ બંદૂકો અને ૬ લાખ ગોળીઓ લૂંટાઈ ગઈ છે, રાજ્યમાં બે વિસ્તારો વચ્ચે બફર ઝોન બનાવવો પડ્યો છે, જે ડબલ એન્જિન સરકારની નિષ્ફળતા છે. એક સમાજ બીજા સમાજ વિરુદ્ધ ગૂના કરી રહ્યો છે, પીડિતોને ન્યાય મળતો નથી. અને ત્યાં મા, બહેન, દીકરીઓ સલામત નથી. હવે કોમવાદીકરણથી ક્વિટ ઈન્ડિયા, ધ્રુવીકરણથી ક્વિટ ઈન્ડિયા અને ભગવાકરણથી ક્વિટ ઈન્ડિયા કરવાનો સમય આવી ગયો છે.

આ ઉપરાંત વડા પ્રધાન ''વિપક્ષ નો બોલ પર નો બોલ નાંખી રહ્યાં છે ને અહીંથી છક્કા-ચોક્કા મારવામાં આવે છે.'' શું તેવા વાક્યો વડા પ્રધાનના મોંમાં શોભે છે ખરા ? કઈ જાતના શાબ્દિક હુમલા ? તેમણે પોતે જ અવિશ્વાસની દરખાસ્તની ચર્ચાના એક દિવસ પહેલાં જણાવ્યું હતું કે, ''આજે ભારત ભ્રષ્ટાચાર, પરિવારવાદ

**સુપ્રીમ કોર્ટે આ સમયે કહ્યું હતું કે ચૂંટણી કમિશનરની નિમણૂંક સરકારના નિયંત્રણથી બહાર હોવી જોઈએ. કેન્દ્ર સરકારે તેના નવા બિલના માધ્યમથી આ ચૂકાદો બદલી નાખ્યો છે અને ચૂંટણી કમિશનરની નિમણૂંકને પુનઃ સરકારના નિયંત્રણમાં લાવી દીધી છે**

અને તુષ્ટિકરણના રાજકારણને ક્વિટ કરવા માંગે છે...'' ભાઈ, ભારતમાં તમારું રાજ છે, સત્તામાં તમે જ છો, તમે આ વાક્ય બોલતાં ભૂલી ગયા કે તમે કોની પર હૂમલો કરો છો ? આ વાક્યો આપને જ લાગુ પડે છે. આ વાક્યો આજની દેશની સ્થિતિનું વર્ણન કરે છે, તેમણે સ્વીકાર્યું છે કે, દેશમાં ભ્રષ્ટાચાર, પરિવારવાદ ફૂલ્યા ફાલ્યા છે.

૨૦૧૪-૧૫થી શરૂ થયેલા નવ વર્ષ દરમિયાન બેન્કોએ ૧૪.૫૬ લાખ કરોડની લોન માંડવાળ કરી છે. શેડ્યુલ કોમર્શિયલ બેન્કોએ માંડી વાળેલી લોનમાંથી ફક્ત ૨ લાખ કરોડ જ વસૂલ કર્યા હતા. ખાનગી બેન્કોએ ૨૦૨૨-૨૩માં ૭૩,૮૦૩ કરોડની લોન માંડવાળ કરી હતી. ભાગેડુ ચોકસીની ગીતાંજલિ જેમ્સ દ્વારા બેન્કોને સૌથી વધુ રૂ.૮૭૩૮ કરોડની લોન ચૂકવવાની બાકી છે. તે પછી એરા એન્જિનિયરિંગ દ્વારા રૂ.૫૭૫૦ કરોડ, આરઈઆઈ એગ્રો દ્વારા રૂ.૫૧૪૮ કરોડ, એબીજી શિપયાર્ડ દ્વારા રૂ.૪૭૭૪ કરોડ અને કોન્કાસ્ટ સ્ટીલ એન્ડ પાવર દ્વારા રૂ.૩૯૧૧ કરોડની લોન બાકી હોવાનું જાણવા મળે છે. અન્ય વિલફુલ ડિફોલ્ટરમાં રોટોમેક ગ્લોબલ રૂ.૨૮૯૪ કરોડ, વિન્સમ ડાયમંડ એન્ડ જ્વેલરી દ્વારા રૂ.૨૮૪૬ કરોડ અને ફ્રોસ્ટ ઈન્ટરનેશલ દ્વારા રૂ.૨૫૧૮ કરોડ બાકી હોવાનું જણાવાયું હતું. ૧૦ ડિફોલ્ટર્સ દ્વારા શિડ્યુલ કોમર્શિયલ બેન્કોને રૂ.૪૦,૮૨૫ કરોડની રકમ ચૂકવવાની બાકી છે. છેલ્લા પાંચ વર્ષમાં શિડ્યુલ કોમર્શિયલ બેન્કો દ્વારા ૧૦,૫૭,૩૨૬ કરોડની રકમ માંડી વાળવામાં આવી છે. કુલ માંડવાળ કરાયેલી રૂ.૧૪,૫૬,૨૨૬ કરોડની લોનમાંથી ઉદ્યોગો અને સર્વિસીઝની લોનની રકમ રૂ.૭,૪૦,૯૬૮ કરોડ હતી આ ઉપરાંત દેશમાંથી ફ્રોડની ઘટનાઓ વધતી જાય છે. તેની પર કોઈનો અંકુશ નથી. નાનો માણસ તેનો ભોગ બનતો જાય છે. દેશમાં ૨૦૨૨-૨૩માં ૬૬,૦૬૯ ફ્રોડની ઘટનાઓ બની હતી. જેમાં રૂ.૮૫.૨૫ કરોડનું નુકસાન થયું હતું. જ્યારે અગાઉના વર્ષે ૬૫,૮૯૩ ફ્રોડના કેસમાં રૂ.૧૧૫.૩૬ કરોડનું નુકસાન થયું હતું.

વિશ્વની પાંચમા ક્રમની અર્થવ્યવસ્થા બનવાની ઊંચાઈએ પહોંચ્યા પછી પણ ભારતને આનંદ ઓછો અને ચિંતા વધુ છે. દેશનું અર્થતંત્ર અનેક રીતે સંકટકાળમાંથી પસાર થઈ રહ્યું છે. આપણાં અર્થતંત્ર પર જે સંકટ હોય છે કંઈ અને બતાવવામાં આવે છે કંઈક બીજું જ. જે રીતે અર્થતંત્ર વિવિધ પડકારોનો સામનો કરે છે એ જ રીતે દેશના ફાઈનાન્શિયલ સેકટર સામે પણ પહાડ જેવા પ્રશ્નો ઊભા છે. નોન બેન્કિંગ નાણાં ક્ષેત્રો અત્યારે નાણાંની કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં છે. અત્યારે દેશના અનેક આર્થિક સેકટરોને સપોર્ટની જરૂર છે. રિઝર્વ બેન્કે હમણાં જાહેર કર્યું છે કે ગયા માર્ચની તુલનાએ બેન્કોના એનપીએ (ન ભરપાઈ થનારી લોનો)માં ઘટાડો થયો છે. આ ઘટાડો જો કે ૨૦,૦૦૦ કરોડનો જ થયો છે, પરંતુ બેન્કોના કુલ એનપીએ દસ લાખ કરોડથી વધારે હોવાથી આ સુધારો નહીવત છે.

જો આજના સંજોગોમાં નાણાં મંત્રાલય યુદ્ધના ધોરણ જેવા પગલાં ન લે તો સ્થિતિ વણસી શકે તેવી છે.

અર્થતંત્રની હાલત સેમિ-ક્રિટિકલ કહી શકાય તેવી છે. બેન્કોએ સામાન્ય માણસોને કનડવાનું શરૂ કરી દીધું છે. અગ્રણી જાહેર અને ખાનગી બેન્કોએ ૨૦૧૮થી પાંચ વર્ષ દરમ્યાન એસએમએસ અને વધારાની એટીએમ ટ્રાન્ઝેક્શન જેવી સુવિધાઓ માટે અને ખાતામાં લઘુત્તમ બેલેન્સ નહીં જાળવવા બદલ દંડ પેટે રૂ.૩૫,૫૮૭ કરોડ વસૂલ્યા હતા. શેડ્યુલ કોમર્શિયલ બેન્ક દ્વારા ઊંચો સર્વિસ ચાર્જ વસૂલવામાં આવે છે. આરબીઆઈ એ ૨૦૧૫ના એક સરક્યુલર દ્વારા બેન્કોને ચાર્જ વસૂલ કરવાની સત્તા આપી છે.

વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતના વિકાસ દરનો અંદાજ સતત ઘટાડતા રહેવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. બજારમાં માલની ડિમાન્ડ હજુ ઓછી છે. ગ્રાહકો બહુ જ સાવધાનીથી ખરીદતા થયા છે. એને કારણે જથ્થાબંધ અને છૂટક વેપારમાં હજુ પણ નાણાંભીડ દેખાય છે. લોકોના વ્યવહારો નભે છે, પરંતુ જૂની બચતો ઘસાઈ ગઈ છે. મોંઘવારીના હથોડાએ બચત પેટીના તાળા તોડી અને ખલાસ કરી નાંખી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે તાજેતરમાં ભારતના વિકાસ દરનો અંદાજ ફરીવાર ઘટાડ્યો છે. નોટબંધી પછી વિકાસ દરે એક કૂદકો લગાવ્યો હતો. એટલા વિકાસદરનું એક કારણ એ પણ હતું કે નોટબંધી પછી નાગરિકોના પૈસા બજારમાં થોડા સમય માટે ફરતા થયા હતા. ઉપરાંત કરન્સીમાં પૈસા રાખવાના બદલે શ્રીમંતો નવા રોકાણો કરવા લાગ્યા હતા. ત્યારે પણ દેશના ઔદ્યોગિક ઉત્પાદનો, સેવાઓ અને કૃષિ ક્ષેત્ર દ્વારા હાંસલ કરવા પાત્ર વિકાસ દર તો પાછળ જ રહ્યો હતો. નવા રોકાણોનો એ તબક્કો પૂરો થતાં આખરે વિકાસ દર નીચે આવી ગયો હતો, જે હજુ પણ વધુ નીચેના પગથિયા તરફ જઈ રહ્યો છે, જે હવે દેશના અર્થતંત્ર માટે ચિંતારૂપ છે. આ વખતના ચોમાસાનું મિશ્ર પરિણામ આવશે તો એની પણ નવા વિકાસ દર પર અસર થશે. ભારત સરકારના આપણાં આંકડાશાસ્ત્ર વિભાગે ચાલુ વર્ષ માટે વિકાસ દરનો અંદાજ માત્ર પાંચ ટકા જ ઠરાવ્યો છે જે વાસ્તવિકતાની બહુ નજીક છે. રોજગારીના નવા વિકલ્પો શોધવા માટે શહેરીજનોમાં એક વ્યાકુળ દોડ ચાલુ થઈ છે. જેમની પાસે કામ નથી તેવા પુખ્ત અને વયસ્ક લોકોનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે. વિશ્વ બેન્ક અને ભારતીય રિઝર્વ બેન્કે પણ વિકાસદરનો અંદાજ પૂર્વે ઘટાડેલો છે.

ભારત લગભગ છેલ્લા એક દાયકાથી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાનો તાજ લઈને આગળ વધી રહ્યું છે, પરંતુ ભારતમાં કોર્પોરેટ સેકટરની સ્થિતિ કંઇક અલગ જ છે. દેશના છેલ્લા પાંચ વર્ષમાં ૯૬,૦૦૦થી વધુ કંપનીઓએ સ્વેચ્છાએ કારોબાર સમેટી લીધો છે. નાણાકીય કટોકટી, પરિચાલનમાં મુશ્કેલી સહિતના વિવિધ કારણો આગળ ધરીને તેઓએ કારોબાર બંધ કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૯૬૨૯૧ કંપનીઓ સ્વૈચ્છિક રીતે બંધ થઈ છે.

દિલ્હી અંગે હુકમ પછી ચૂંટણી કમિશનરોની નિમણૂંક મુદ્દે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચના ચુકાદાને પલટી નાખવા કેન્દ્ર સરકારે રાજ્યસભામાં મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની પસંદગી સંબંધિત એક બીલ રજૂ કર્યું હતું. આ બીલ મુજબ વડા પ્રધાનના અધ્યક્ષપદે ત્રણ સભ્યોની સમિતિ ચૂંટણી કમિશનરોની નિમણૂંકની ભલામણ કરશે. આ પ્રક્રિયામાંથી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને બહાર કરી દેવાયા છે. કેન્દ્ર સરકારે રજૂ કરેલા નવા બિલ મુજબ વડા પ્રધાનના અધ્યક્ષપદે ત્રણ સભ્યોની એક સમિતિ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની પસંદગી કરશે. આ સમિતિની ભલામણ પર રાષ્ટ્રપતિ તેમની નિમણૂંક કરશે. આ સમિતિમાં વડા પ્રધાન ઉપરાંત લોકસભામાં વિપક્ષના નેતા અને એક કેબિનેટ પ્રધાનનો સમાવેશ થશે. હકીકતમાં આ બીલને સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચના એક ચુકાદા સાથે જોડવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે માર્ચમાં એક ચુકાદામાં કહ્યું હતું કે, ચૂંટણી કમિશનરોની નિમણૂંક વડા પ્રધાન, મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિપક્ષના નેતાને સમાવતી એક ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણ પર રાષ્ટ્રપતિ નિમણૂંક કરશે. સુપ્રીમ કોર્ટે આ સમયે કહ્યું હતું કે ચૂંટણી કમિશનરની નિમણૂંક સરકારના નિયંત્રણથી બહાર હોવી જોઈએ. કેન્દ્ર સરકારે તેના નવા બિલના માધ્યમથી આ ચૂકાદો બદલી નાખ્યો છે અને ચૂંટણી કમિશનરની નિમણૂંકને પુનઃ સરકારના નિયંત્રણમાં લાવી દીધી છે. કોર્ટે કહ્યું હતું કે ચૂંટણી કમિશનરની નિમણૂંક અંગેની વર્તમાન વ્યવસ્થાને કાયમી રાખી શકાય નહીં. ■


# "હમ અદાની કે હૈં કૌન ?"

# ડી.આર.આઇ.એ ટ્રિબ્યુનલના આદેશ વિરુદ્ધ કેમ કોઈ અપીલ કરી નહીં ?

**કોર્પોરેટ મંત્રાલયની સીરિયસ ફ્રોડ ઇન્વેસ્ટિગેશન ઓફિસે (એસ.એફ.આઇ.ઓ.) ૨૦૧૨માં એક ચાર્જશીટ દાખલ કરીને અદાણી એક્સપોર્ટના શેરોમાં હેરાફેરી કરવાનો અદાણી ગ્રૂપ અને કેતન પારેખ પર અનુક્રમે રૂ.૩૮૮.૧૧ કરોડ અને રૂ.૧૫૧.૪૦ કરોડની છેતરપિંડીનો આક્ષેપ કર્યો હતો**

(પ્રકરણ-૮)

પ્ર.૭૬ : ભારતની અગ્રણી દાણચોરી વિરોધી એજન્સી ડાયરેક્ટર ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ (ડી.આર.આઇ.)ને એવું જાણવા મળ્યું હતું કે અદાણી ગ્રૂપની ત્રણ કંપનીઓ- મહારાષ્ટ્ર ઈસ્ટર્ન ગ્રીડ પાવર ટ્રાન્સમિશન, અદાણી પાવર મહારાષ્ટ્ર અને અદાણી પાવર રાજસ્થાને ચીન અને દક્ષિણ કોરિયા પાસેથી રૂ.૩,૫૮૦ કરોડનાં ખર્ચે ઈમ્પોર્ટેડ વીજ ઉપકરણો માટે દુબઈ સ્થિત ઈલેક્ટ્રોજેન ઈન્ફ્રા એફઝેડઈને રૂ.૯,૦૪૮ કરોડનું પેમેન્ટ કર્યું હતું અને તેમાંથી બાકીની રકમ દેશ બહાર ચાલી ગઈ હતી. એવી પણ ખબર પડી હતી કે ઈલેક્ટ્રોજેનનું સંચાલન ગૌતમ અદાણીના ભાઈ વિનોદ દ્વારા મોરેશિયસ સ્થિત એક કંપની ઈલેક્ટ્રોજેન ઈન્ફ્રા હોલ્ડિંગના માધ્યમથી કરવામાં આવી રહ્યું હતું. આપ વડા પ્રધાન બન્યા બાદ કોઈ રીતે ડી.આર.ઈ.ના નિર્ણાયક અધિકારીએ આ આક્ષેપોને રદ્દ કર્યા હતાં જોકે તેમણે સ્વીકાર કર્યો હતો કે મને લાગે છે કે ઇ.આઇ.એફ. અને એ.પી.આર.એલ. વિનોદ શાંતિલાલ અદાણીના માધ્યમ દ્વારા સંબંધિત સંસ્થાઓ છે. ૨૦૧૪માં ડી.આર. આઈ. દ્વારા આ કેસમાં સી.બી.આઈ. દ્વારા




તપાસ બાદ અપીલ કરવામાં આવી હતી, પરંતુ આ મામલો ક્યાંય પહોંચી શક્યો નહીં. શું તમે તમારા નિકટના મિત્રોને બચાવી રહ્યા છો કે જેમના પર આ કેસમાં રૂ.૫,૪૬૮ કરોડની રકમ અન્યને હસ્તાંતરિત કરવાનો આરોપ છે ? શું આપને એ વાતની ચિંતા નથી કે શકમંદ પ્રમોટરો

દ્વારા મૂડીગત ખર્ચને વધારે બતાવીને તેનું આખરી પરિણામ ગ્રાહક અને કરદાતાને ભોગગવું પડતું હોય છે ?

પ્ર.૭૭ : ૨૦૧૬માં ડી.આર.આઇ. દ્વારા એવો આક્ષેપ કરાયો હતો કે અદાણી એન્ટરપ્રાઇઝિસ, અદાણી પાવર, અદાણી વિલ્મર, અદાણી પાવર મહારાષ્ટ્ર અને અદાણી પાવર રાજસ્થાન સહિત ૪૦ ભારતીય કંપનીઓ વિદેશમાં નાણાં ઉચાપત કરી જવાના મકસદથી તેમજ આયાતી કોલસાની કૃત્રિમ રીતે વધારે બતાવાયેલી કિંમતના આધારે ઊંચુ પાવર ટેરિફ વળતરનો લાભ લેવા આયાતી ઈન્ડોનેશિયન કોલસાનું ઓવર ઈન્વોઇસિંગ કરી રહ્યાં છે. આ બધું હવે જેની જાણ થઈ છે એવા સિંગાપોર, હોંગકોંગ, દુબઈ અને બ્રિટિશ વર્જિન આઇલેન્ડમાં વચેટિયાઓ દ્વારા થતું હતું. સુપ્રીમ કોર્ટે ૮, જાન્યુઆરી-૨૦૨૦ના રોજ આ કેસમાં આગળની કાર્યવાહી કરવા આદેશ કર્યો હોવા છતાં ડી.આર.આઇ.એ ૧૩, જુન-૨૦૨૧ના રોજ બોમ્બે હાઇકોર્ટને જણાવ્યું હતું કે, અદાણી એન્ટરપ્રાઇઝિસ સિંગાપોર, દુબઈ, હોંગકોંગ, સ્વીત્ઝર્લેન્ડ અને ઈન્ડોનેશિયાની અદાલતોને મોકલવામાં આવેલ લેટર રોગેટરી જારી કરવાની સુસ્થાપિત પ્રક્રિયાને પડકારીને તેની તપાસ અવરોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. વધારેલા વીજ દરોની કિંમતનો ગ્રાહકો અને કરદાતાઓ પણ જે જંગી બોજ પડતો હોય છે તેને ધ્યાનમાં રાખી શું તમે તમારા ધીરધારોના બદલે ભારતીય નાગરિકોનાં હિતોને સુરક્ષિત કરવા કોઈ કાર્યવાહી કરશો ખરા ?

પ્ર.૭૮ : ૧૩, માર્ચ-૨૦૨૩ના રોજ લોકસભામાં એક પ્રશ્નનાં જવાબમાં રાજ્યકક્ષાના નાણા પ્રધાને જણાવ્યું હતું કે, ઇન્ડોનેશિયાથી આયાતી કોલસા માટે અદાણી ગ્રૂપ દ્વારા કહેવાતી રીતે વાસ્તવિક કિંમતથી વધુનું ઇન્વોઇસ રજૂ કરવાના સંબંધમાં ભારતની મુખ્ય દાણચોરી વિરોધી એજન્સી ડી.આર.આઇ. દ્વારા કરવામાં આવી રહેલી તપાસ કોઈ આખરી નિર્ણય સુધી પહોંચી શકી નહીં કારણ કે, નિકાસકાર દેશોનો અનુરોધપત્ર મોકલીને માગવામાં આવેલી માહિતી કાનૂની કાર્યવાહીમાં અટવાઈ ગઈ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડી.આર.આઇ.એ અદાણી ગ્રૂપ દ્વારા વીજ ઉપકરણોની આયાતમાં તેની તપાસ સમાપ્ત કરી છે અને સંબંધિત અદાલતી સત્તાવાળાઓ સમક્ષ રિપોર્ટ સુપરત કર્યો છે. આ રિપોર્ટ માટે ૮ વર્ષ કરતાં વધુ સમય કેમ લાગ્યો ? શું તમે ડી.આર.આઇ.ને આ સમક્ષ મામલાની વિગતો જાહેર કરવા મંજૂરી આપશો?

પ્ર.૭૯ : ડી.આર.આઇ. દ્વારા તપાસનો એક ત્રીજો કેસ છે જે પણ છેલ્લે કોઈ નિષ્કર્ષ સુધી પહોંચ્યો નથી. આ કેસ ૨૦૦૪-૦૬નાં હીરા કૌભાંડનો છે, જેમાં ગૌતમ અદાણીના નાના ભાઈ રાજેશ અદાણી અને તેમના બનેવી સમીર વોરા પર હીરાના સરક્યુલર ટ્રેડ અને છેતરપિંડીથી નિકાસ સબસિડી મેળવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. વર્ષ-૨૦૧૩માં કસ્ટમ્સ કમિશનરે રાજેશ અદાણી, સમીર વોરા, અદાણી એન્ટરપ્રાઇઝિસ અને અદાણી ગ્રૂપ સાથે સંકળાયેલી પાંચ ડાયમંડ ટ્રેડિંગ કંપનીઓ પર દંડ ફટકાર્યો હતો, પરંતુ તમે વડા પ્રધાન બન્યા બાદ ૨૦૧૫માં કસ્ટમ, સેન્ટ્રલ એક્સાઇઝ અને સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલે દંડનો આદેશ રદ કરી નાખ્યો હતો અને તેના તારણોને ફગાવી દીધા હતા. આપ વડા પ્રધાન બન્યા બાદ અદાણી ગ્રૂપના ખોટાં કારનામા કઈ રીતે અદશ્ય થઈ ગયા તે શું બતાવે છે ?

પ્ર.૮૦ ડી.આર.આઇ.એ ટ્રિબ્યુનલના આ આદેશ વિરુદ્ધ કેમ કોઈ અપીલ કરી નહીં ? શું આપે નાણાં મંત્રાલયને તમારા નિકટના મિત્રો વિરુદ્ધ છેતરપિંડીના આરોપને હળવા બનાવી દેવા ફરજ પાડી હતી ?

પ્ર.૮૧ : કોર્પોરેટ મંત્રાલયની સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટિગેશન ઓફિસે (એસ.એફ.આઈ.ઓ.) ૨૦૧૨માં એક ચાર્જશીટ દાખલ કરીને અદાણી એક્સપોર્ટના શેરોમાં હેરાફેરી કરવાનો અદાણી ગ્રૂપ અને કેતન પારેખ પર અનુક્રમે રૂ.૩૮૮.૧૧ કરોડ અને રૂ.૧૫૧.૪૦ કરોડની છેતરપિંડીનો આક્ષેપ કર્યો હતો. સાથે જ ગૌતમ અને રાજેશ અદાણી વિરુદ્ધ છેતરપિંડી અને ગુનાહિત ષડ્યંત્રનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. મુંબઈની એક સેશન્સ કોર્ટે ૨૭, નવેમ્બર-૨૦૧૯ના રોજ એસ.એફ.આઈ.ઓ.ની તપાસને યોગ્ય ઠરાવી હતી જેમાં એવું જણાવાયું હતું કે, પ્રથમ દર્શનીય રીતે એ સાબિત થયું છે કે, આરોપીઓ શેરોની હેરાફેરી દ્વારા ગેરકાયદે લાભ કમાયા હતા. ત્યાર બાદ એસ.એફ.આઈ.ઓ. આ કેસમાં ઊંઘી ગયું હતું અને હિંડનબર્ગના પર્દાફાશ બાદ એક મહિના પછી જાગ્યું હતું ત્યારે બોમ્બે હાઇકોર્ટે સખ્તાઈથી ૨૨, ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ પૂછ્યું હતું કે, શું એસ.એફ.આઈ.ઓ.એ બહારની સ્થિતિને ધ્યાનમાં રાખીને સુનાવણીની માગ કરી હતી ? શું તમે એસ.એફ.આઈ.ઓ. પર તમારા મૂડીપતિ મિત્રો વિરુદ્ધ છેતરપિંડી અને ગુનાહિત ષડ્યંત્રની તપાસ નહીં કરવા માટે દબાણ કર્યું હતું ? તમારા ‘‘ન ખાઈશ, નહીં ખાવા દઉં’’ના દાવાનું શું થયું ?

પ્ર.૮૨ : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ૧૭, માર્ચ-૨૦૨૩ના રોજ એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, જે કોઈ પાસે અદાણી ગ્રૂપનાં ખોટાં કારનામાઓનાં પુરાવા હોય તેઓ ૨, માર્ચ-૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા ગઠિત નિષ્ણાતોની સમિતિ સમક્ષ સુપ્રત કરવા માટે સ્વતંત્ર છે. તમને યાદ અપાવવા માટે જણાવીએ છીએ કે સમિતિને શું કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો ?

(એ) તાજેતરના દિવસોમાં લાપરવાહી અને નિષ્કાળજી વાળા તમામ પગલાંઓ સહિત એક સમગ્ર મૂલ્યાંકન રજૂ કરવું જેના કારણે સિક્યોરિટીઝ માર્કેટમાં અસ્થિરતા આવી હતી.

(બી) રોકાણકારોની જાગરૂકતાને સુદૃઢ કરવા માટે પગલાંઓ સૂચવવાં.

(સી) અદાણી ગ્રૂપ કે અન્ય કંપનીઓના સંદર્ભમાં સિક્યોરિટીઝ માર્કેટને લગતા કાયદાઓનાં કથિત ઉલ્લંઘન સામે કામ લેવામાં નિયમનકર્તા સ્તરે કોઈ નિષ્ફળતા થઈ છે કે કેમ તેની તપાસ કરવી.

(ડી) આ અંગેના પગલાંઓ / ઉપાયો સૂચવવાં- (૧) વૈધાનિક અને / અથવા રેગ્યુલેટરી માળખાને મજબૂત કરવા માટે (૨) રોકાણકારોની સુરક્ષા માટે વર્તમાન માળખાની પૂર્તતા સુનિશ્ચિત કરવી.

આમ એક વાત સ્પષ્ટ છે કે નિષ્ણાત સમિતિને જે આદેશ કરવામાં આવ્યો છે તેમાં તમારી સામે જે મુખ્ય આરોપ છે તેનો ઉલ્લેખ કરાયો નથી. આ આરોપ એ છે કે, તમે તમારા પરમ મિત્રો અને ફાયનાન્સિયર ગૌતમ અદાણીને સમૃદ્ધ કરવા માટે નિયમનકર્તાઓ અને એજન્સીઓને દબાણ કરીને તમામ પ્રકારની મદદ કરી છે. એટલું જ નહીં તમે કેન્દ્ર, રાજ્ય અને વિદેશી સરકારોને પણ અદાણીની તરફેણ કરવા માટે ફરજ પાડી છે. તો પછી ગૃહપ્રધાન ભારતની પ્રજાને કેમ ગેરમાર્ગે દોરી રહ્યાં છે ? નિષ્ણાતોની સમિતિના મર્યાદિત અધિકાર ક્ષેત્રને ખોટી રીતે રજૂ કરીને શું તમે આ મામલામાં ભીનું સંકેલવા માટેનો આધાર તૈયાર કરી રહ્યાં છો ?

પ્ર.૮૩ : સેબી અને અન્ય તપાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી તપાસ નિષ્ણાત સમિતિના વિધિવત્ અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. તેની પાસે સમન્સ ઇસ્યૂ કરવાના, પુરાવા માટે દબાણ કરવાના કે, સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની

કોઈ સત્તા નથી. એ જ રીતે આ સમિતિ સમક્ષ આપવામાં આવેલ નિવેદન પણ અદાલતમાં મજબૂત પુરાવા તરીકે મૂલ્ય ધરાવશે નહીં. સૌથી મોટી વાત સુપ્રીમ કોર્ટે સેબીના અધ્યક્ષને એ સુનિશ્ચિત કરવા માટે કહ્યું છે કે સમિતિને તમામ આવશ્યક માહિતી પૂરી પાડવામાં આવે. આ ઉપરાંત નાણાકીય નિયમન, નાણાકીય એજન્સીઓ અને કાર્યપાલક એજન્સીઓ સાથે સંકળાયેલી એજન્સીઓ સહિત કેન્દ્ર સરકારની તમામ એજન્સીઓને સહકાર આપવા જણાવ્યું છે. અમને એ યાદ કરાવવાનું ગમશે કે મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમન્નાએ ૨૫, ઓગસ્ટ-૨૦૨૨ના રોજ કથિત રીતે એવું કહ્યું હતું કે, તમારી સરકારમાં ભારતમાં પેગાસસના ગેરકાયદે ઉપયોગની તપાસ કરનારી સમિતિની સાથે સહકાર આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. જેનાથી એક ખતરનાક દાખલો ઊભો થયો છે. આ ઈતિહાસને જોતા શું સ્પષ્ટ નથી કે અદાણી કૌભાંડની વ્યાપક તપાસ કરવાનો એક માત્ર યોગ્ય ઉપાય, યોગ્ય સત્તાઓ ધરાવતી માત્ર સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) પાસે છે ?

પ્ર.૮૪ : પેગાસસ રિપોર્ટ પણ હજુ સુધી સામે આવ્યો નથી ભલે આ રિપોર્ટ જુલાઈ-૨૦૨૨માં સુપરત કરી દેવાયો છે. નિષ્ણાત સમિતિનો રિપોર્ટ સિલબંધ કવરમાં બે મહિનામાં સુપરત કરવાનો છે. આથી એવી શું ખાતરી છે કે, આ રિપોર્ટ અદાણી કૌભાંડમાં આ રિપોર્ટની પણ પેગાસસના રિપોર્ટ જેવી હાલત નહીં થાય ?

**ભારતના લોકોને નુકસાન :**

પ્ર. ૮૫ આઈ.ડી.બી.આઈ. બેન્ક, ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સ અને જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન જેવા નિષ્ફળ ડિસઇન્વેસ્ટમેન્ટથી બચવા માટે એલ.આઈ.સી.ના નાણાં ભંડોળનો ઉપયોગ કરવાના સંદર્ભમાં આપની સરકારનો લાંબો ટ્રેક રેકોર્ડ રહ્યો છે. જાહેર ક્ષેત્રની કંપનીઓને આવી પરિસ્થિતિમાંથી ઉગારવી એક વાત છે પરંતુ તમારા મૂડીપતિ મિત્રોને વધુ અમીર બનાવવા માટે ૩૦ કરોડ વફાદાર પોલીસી ધારકોની બચતનો ઉપયોગ કરવો એ બીજી વાત છે. એલ.આઈ.સી.એ જોખમ ભરેલા અદાણી ગ્રૂપમાં આટલું મોટું રોકાણ કર્યું છે, જ્યારે બીજી બાજુ ખાનગી ફંડ મેનેજરોએ પણ તેનાથી મોં ફેરવી લીધું હતું. શું સુનિશ્ચિત કરવું સરકારનું કર્તવ્ય નથી કે જાહેરક્ષેત્રનાં મહત્વપૂર્ણ નાણાકીય સંસ્થાનો રોકાણ કરતા સમયે પોતાના ખાનગીક્ષેત્રના સમકક્ષ સંસ્થાનોની તુલનાએ વધુ સજાગ રહે ? કે પછી તમારા મૂડીપતિ મિત્રોને લાભ કરાવવા માટે તમારા ''મન કી બેન્કિંગ''નું આ એક ઉદાહરણ હતું ?

પ્ર.૮૬ : હિંડનબર્ગના આક્ષેપો બાદ પ્રથમ વેચવાલીમાં એલ.આઈ.સી. દ્વારા ખરીદવામાં આવેલ અદાણી ગ્રૂપના શેરોનું મૂલ્ય રૂ.૩૨,૦૦૦ કરોડ ગગડી ગયું, જેનાથી એલ.આઈ.સી.એ ખુદે કબૂલ્યા મુજબ ૨૭, જાન્યુઆરી-૨૦૨૩ના રોજ તેના શેરનું મૂલ્ય રૂ.૫૬,૧૪૨ કરોડ રહી ગયું. ત્યારથી અદાણી ઈન્ફ્રાસ્ટ્રકચરના કેટલાય શેરોમાં ૫૦ ટકાનો વધુ ઘટાડો થયો છે. શું તમે ૨૪, જાન્યુઆરી બાદ એલ.આઈ.સી. દ્વારા અદાણી ગ્રૂપમાં કરવામાં આવેલા રોકાણથી થયેલા નુકસાનની સાચી જાણકારી જાહેર રીતે શેર કરશો ? નિફ્ટી-૫૦ ઈન્ડેક્સમાં બે ટકાના ઘટાડાની તુલનાએ એલ.આઈ.સી.નું લિસ્ટેડ મૂલ્ય છેલ્લા બે અઠવાડિયામાં ૧૪ ટકા ગગડી ગયું છે. એલ.આઈ.સી. દ્વારા અદાણી ગ્રૂપમાં દિશાહીન રોકાણથી તેના ૩૪ લાખ રિટેલ શેરધારકોનો તેમાંથી વિશ્વાસ ઘટી ગયો છે ત્યારે હવે તમે આ શેરધારકોની ચિંતાઓ ઓછી કરવા શું પગલાં લેશો ? ■ **(ક્રમશઃ)**

- ડૉ. જયનારાયણ વ્યાસ



# આશા-નિરાશા... વિશ્વાસ-અવિશ્વાસના રણમાં ભૂલા પડ્યા હોવ ત્યારે...

**બધાનાં જીવનમાં ક્યારેક ને ક્યારેક તો આવું બને જ છે, આશા-નિરાશાના રણમાં ભૂલા પડ્યા હોવ ત્યારે ક્યાંકને ક્યાંક કો'ક દૈવી મદદ તમારી તરસ છીપાવી દે છે અને ગૂંચવાડામાંથી બહાર નીકળવાનો માર્ગ પણ બતાવી દે છે**

**વાત** કરવી છે આશા-નિરાશા... વિશ્વાસ-અવિશ્વાસ વચ્ચે ફંગોળાતા એક માણસની. અફાટ રણ પ્રદેશ ચીરીને એ સામેના દેશમાં જવા નીકળ્યો હતો. આમ તો રણની મુસાફરી એના માટે કોઈ નવાઈ નહોતી. પણ કહેવત છે ને કે ''ભણ્યો ભૂલે અને તારો (ખૂબ પાકો તરવૈયો) ડૂબે.'' વહેલી પરોઢના સમયે પાણીની એક નાની-સી મશક અને થોડો સામાન લઈ એણે રણ વીંધવા ઊંટ હંકાર્યું.

સૂરજ હજુ ઊગ્યો નહોતો. રણની રાત અને પરોઢમાં એક માદક ઠંડક હોય છે. એ ઠંડક અને ધીમે ધીમે વાતી પવનની લહેરખી માણસને જાણે કે માના ખોળામાં સૂતો હોય એવો અનુભવ કરાવે છે. એનો બધો ઉજાગરો, બધો થાક ખેંચાઈને આંખના પોપચે ચડી બેસે છે. પોપચાં ઢળી જાય અને મીઠી નીંદર એનો કબજો લઈ લે છે.

જાતવાન ઊંટ રણનું હેવાયું હતું એટલે એ તો ચાલ્યા કરતું હતું, સમય વીતતો ગયો. મુસાફર સફાળો જાગ્યો. સૂરજ માથે હતો. પેલી ઠંડી હવાને બદલે હવે હવામાં ગરમી વરતાતી હતી. એણે જોયું અને ફાળ પડી, ઊંટ કો'ક અજાણ્યા મારગે ચઢી ગયું હતું.

માર્યા ઠાર ! આ રણમાં ભૂલા પડીને કેટલાય મોતને ભેટ્યા એવી વાતો એણે સાંભળી હતી. આવી કોઈ શક્યતાના વિચારે એના શરીરમાંથી એક લખલખું પસાર થઈ ગયું. એણે ખૂબ પ્રયત્ન કર્યો પણ મૂળ વાટ પકડી શકાઈ નહીં.

ખાસ્સો સમય વીતી ગયો. રણ રેતી ઉડાડતી ગરમ લાય હવા મોંને દઝાડતી હતી. એણે આમતેમ મારગ ફંફોસવાનું કામ ચાલુ રાખ્યું. આ ખાંખાંખોળા કરવામાં એની પાસેનું પાણી પણ ખલાસ થવા આવ્યું હતું. એટલામાં દૂર એક ઝૂંપડી દેખાઈ. એને થોડો હાશકારો થયો, લાગ્યું નક્કી અહીંયા કોઈ રહેતું હશે. એણે ઊંટને ઝૂંપડી ભણી લીધું. એના આશ્ચર્ય વચ્ચે ઝૂંપડીમાં કોઈ નહોતું. ગળામાં શોષ પડતો હતો, પાણીની એને તાત્કાલિક જરુર હતી. યોગાનુયોગ આ ઝૂંપડીમાં એક હેન્ડપંપ હતો. એણે પાણી મેળવવાના હેતુથી એ હેન્ડપંપનું હેન્ડલ હલાવ્યું પાણી નીકળ્યું નહીં.

એ હવે બહુ લાંબો સમય પાણી વગર રહી શકે નહીં એ સ્થિતિ તરફ જઈ રહ્યો હતો. એણે છત સામે જોયું તો પાણીથી ભરેલી એક બાટલી લટકતી હતી ! એના આનંદનો પાર ન રહ્યો. કૂદકો મારીને એણે એ બાટલી ઉતારી લીધી. પણ એ બાટલી પર ચીટકાડેલા કાગળ પર

લખ્યું હતું- ''આ પાણી પીવા માટે નથી, હેન્ડપંપ ચાલુ કરવા માટે છે.''

પેલા માણસના મનમાં વિચાર આવ્યો કે હેન્ડપંપ ચાલુ કરવાના લોભમાં હું આ પાણી અંદર રેડું અને પછી એ પંપ ચાલુ નહીં થાય ? મનમાં વિચારોનો વંટોળ ઊઠ્યો. શું કરવું તે સમજણ પડતી નહોતી. છેવટે એણે પેલી બાટલી પર લખેલ સૂચનાનો અમલ કર્યો.

હેન્ડપંપમાં પાણી રેડ્યું અને એને ચલાવવા માટે હેન્ડલથી ઝટકા મારવાના શરૂ કર્યાં. થોડી જ વારમાં હેન્ડપંપમાંથી સરસ મજાનું પાણી નીકળવા માંડ્યું. પેલો માણસ રાજીના રેડ થઈ ગયો. એણે હાથ-મોં ધોયાં અને ધરાઈને પાણી પીધું. પેલી મશકમાં પણ ભરી લીધું. ત્યાં એણે એ ઝૂંપડીના ખૂણામાં બીજી એક બોટલ પડેલી જોઈ. એ બોટલની નીચે રણ પસાર કરવા માટેનો નકશો દબાયેલો હતો. ઝડપથી એણે પોતાના ગજવામાંથી ડાયરી કાઢી અને નકશાની કોપી કરી લીધી. હવે એની પાસે પાણી પણ હતું અને રણમાંથી બહાર નીકળવાનો નકશો પણ. માલિકનો ઉપકાર માનતો જે ઝૂંપડીમાંથી બહાર નીકળ્યો.

જિંદગી અને મોત વચ્ચેની લડાઈમાં છેક હારને હાથ અડાડીને એ જીત્યો હતો. ઊંટ પર સવાર થવા જતો હતો ત્યાં જ એને કાંઈક યાદ આવ્યું. એ પાછો પેલી ઝૂંપડીમાં ગયો. પાણીની જે બોટલ એણે ટીંગાડી હતી તેના લેબલ ઉપર એક વધારાની સૂચના લખી નાખી- ''વિશ્વાસ કરજો, આ પાણી હેન્ડપંપમાં નાખશો તો સરસ મજાનું કોપરા જેવું મીઠું પાણી હેન્ડપંપ હલાવવાથી નીકળશે, વિશ્વાસ રાખજો. આ પાણી પી ના જતા, હેન્ડપંપમાં નાખજો.'' આટલું લખી એ બહાર નીકળ્યો. નકશામાં ચીંધેલા માર્ગે એણે રણ વટાવી પોતાના ગંતવ્ય સ્થાન તરફ ઊંટ હંકારી મૂક્યું.

દોસ્તો ! આપણા બધાનાં જીવનમાં ક્યારેક ને ક્યારેક તો આવું બને જ છે. આશા-નિરાશાના રણમાં ભૂલા પડ્યા હોવ ત્યારે ક્યાંકને ક્યાંક કો'ક દૈવી મદદ તમારી તરસ છીપાવી દે છે અને ગૂંચવાડામાંથી બહાર નીકળવાનો માર્ગ પણ બતાવી દે છે. સવાલ છે ક્યાંક ઉતાવળા થઈને પેલી બાટલીનું પાણી પી ના જતાં હેન્ડપંપમાં નાખવાનું સાહસ બતાવવાનું. એટલે જ તમારો નિર્ધાર અને એને પાળવાની પ્રતિબદ્ધતાની સાથે પ્રામાણિકતા ભળે તો ભલભલા રણમાં મારગ શોધતો આવે છે. ■ (સૌ. દિવ્યભાસ્કર)






# ભાજપે મણિપુરમાં ‘ભારત માતા’ની હત્યા કરી છે : રાહુલજીનું તેજાબી વક્તવ્ય

## આજે આપ સમગ્ર દેશમાં કેરોસીન છાંટી રહ્યા છો... આપે મણિપુરમાં કેરોસીન છાંટીને પછી ચિનગારી ચાંપી દીધી છે, હવે હરિયાણામાં આવું જ કરી રહ્યાં છો, આપ સમગ્ર દેશને સળગાવવામાં લાગેલા છો...

**સાંસદ** પદ પુનઃ પ્રસ્થાપિત થયા બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ભાજપ સરકારને, ખાસ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઝાટકી નાખતું એક વેધક વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમણે મણિપુરની હિંસાને લઈને ભાજપ પર આકરા અને આક્રમક પ્રહારો કર્યા હતાં. તેમણે જ્યારે એવું જણાવ્યું કે મણિપુરમાં ભાજપે ભારત માતાની હત્યા કરી છે ત્યારે સમગ્ર ભાજપ સરકાર ખળભળી ઊઠી હતી. સાથે જ તેમણે વડા પ્રધાન હજુ હિંસાગ્રસ્ત રાજ્ય મણિપુરની મુલાકાત કેમ લેતા નથી એવો વેધક સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, વડા પ્રધાન મોદીએ મણિપુરની મુલાકાત એટલા માટે લીધી નથી કારણ કે તેઓ મણિપુરને ભારત દેશનો ભાગ ગણતાં જ નથી. રાહુલ ગાંધીએ સોય ઝાટકીને કહી દીધું હતું કે વડા પ્રધાન પ્રજાનું નહીં, પણ માત્ર બે જ લોકો- અમિત શાહ અને ગૌતમ અદાણીનું જ સાંભળે છે. રાવણ પણ માત્ર બે જ લોકો- મેઘનાદ અને કુંભકર્ણનું સાંભળતો હતો. રાહુલજીનું વેધક ભાષણ અત્રે અક્ષરશઃ પ્રસ્તુત છે.



પોતાના ભાષણના આરંભે રાહુલજીએ કહ્યું હતું, ‘‘સ્પીકર સાહેબ, સૌથી પહેલાં હું આપને ધન્યવાદ આપવા માગુ છું કે આપે મને લોકસભામાં રીઈન્સ્ટેટ કર્યો અને છેલ્લે જ્યારે હું બોલ્યો ત્યારે કદાચ મેં આપને થોડું કષ્ટ પણ આપ્યું હતું, કારણ કે મેં એટલા જોરથી અદાણીજી પર ફોક્સ કર્યું હતું. જે આપના સિનિયર નેતા છે, કદાચ તેમને થોડું કષ્ટ થયું હશે... તો જે કષ્ટ તેમને થયું, તેની અસર કદાચ આપ પર પણ થોડી થઈ હશે... તો એટલા માટે હું આપની માફી માગુ છું, પરંતુ મેં માત્ર સચ્ચાઈ જણાવી હતી.

પરંતુ આજે જેઓ મારા ભાજપના મિત્રો છે, તેમણે ડરવાની જરૂર નથી, કારણ કે આજના મારા ભાષણમાં હું અદાણીજી પર બોલવાનો નથી, તો આપ રિલેક્સ થઈ શકો છો, આપ શાંત રહી શકો છો, કારણ કે મારું ભાષણ આજે બીજી જ દિશામાં જઈ રહ્યું છે.

રૂમીએ કહ્યું હતું, ‘‘જે શબ્દો દિલથી આવે છે, તે શબ્દો દિલમાં ઉતરે છે. તો આજે હું દિમાગથી નહીં, પરંતુ દિલથી બોલવા ઈચ્છું છું અને હું આજે આપના પર એટલું આક્રમણ નહીં કરું... અર્થાત્ એક-બે ગોળા જરૂર મારીશ, પરંતુ એટલા બધા નહીં મારું... તો આપ રિલેક્સ થઈ શકો છો.

ગઈ સાલ ૧૩૦ દિવસ માટે હું ભારતના એક ખૂણેથી બીજા ખૂણાં સુધી ગયો હતો... એકલો નહીં, પરંતુ ઘણાં બધા લોકોની સાથે. હું સમુદ્ર કિનારેથી કાશ્મીરના

બરફીલા પહાડો સુધી ચાલ્યો... (ભાજપના સભ્યોની ટીકા-ટીપ્પણ વચ્ચે કહ્યું)... ના, લદાખ તો મેં નથી છોડ્યું... યાત્રા હજુ સમાપ્ત થઈ નથી... યાત્રા હજુ ચાલું છે. હા લદાખ જરૂર આવશે... ગભરાશો નહીં.

ઘણાં બધાં લોકોએ મને પૂછ્યું- યાત્રા દરમિયાન, યાત્રા બાદ કે રાહુલ તમે કેમ ચાલી રહ્યા છો ? તમારું લક્ષ્ય શું છે ? કન્યાકુમારીથી કાશ્મીર સુધી કેમ જઈ રહ્યા છો ? અને તેઓ જ્યારે મને પૂછતા હતા, શરૂઆતમાં મારા મોંમાંથી જવાબ નીકળતો ન હતો. કદાચ મને જ ખબર નહોતી કે મેં આ યાત્રા કેમ શરૂ કરી ?

જ્યારે કન્યાકુમારીથી મેં શરૂઆત કરી, ત્યારે હું વિચારતો હતો કે હું હિંદુસ્તાન જોવા માગુ છું, સમજવા માગુ છું, લોકોની વચ્ચે જવા માગુ છું... પરંતુ મને ગહનતાથી ખબર નહતી. થોડા જ સમયમાં મને વાત સમજાવા લાગી. જે બાબતથી મને પ્રેમ હતો, જે બાબત માટે હું મરવા તૈયાર હતો, જે બાબત માટે હું મોદીજીની જેલોમાં પણ જવા તૈયાર છું, જે માટે મેં ૧૦ વર્ષ સુધી રોજ ગાળો ખાધી છે... તે બાબતોને હું સમજવા માગતો હતો... જે બાબતોએ મારા દિલને આટલી મજબૂતાઈથી પકડી રાખ્યું હતું, તેને હું સમજવા માગતો હતો.

આમ પણ હું વર્ષોથી દરરોજ ૮-૧૦ કિલોમીટર દોડું છું... તે મારા મનમાં હતું કે જો હું ૧૦ કિલોમીટર દોડી શકું છું તો ૨૫ કિલોમીટર ચાલવું એ કોઈ મોટી વાત નથી... આવું મેં વિચાર્યું હતું.

આજે એ ભાવનાને જોઉં છું તો તે અહંકાર હતો કે હું આ કરી શકું છું, આ કંઈ જ નથી, તો મારા દિલમાં એ વખતે અહંકાર હતો, પરંતુ ભારત અહંકારને એકદમ ખતમ કરી નાખે છે. એક સેકન્ડમાં અહંકારને મિટાવી દે છે. તો થયું એવું કે ૨-૩ દિવસમાં મારા ઘૂંટણમાં દુખાવો શરૂ થઈ ગયો, જૂની ઈજા હતી અને જબરદસ્ત દુખાવો... દરરોજ હું ઊઠું અને મારા ઘૂંટણમાં દુખાવો, દરેક ડગલે અને પગલે દુખાવો... તો પ્રથમ ૨-૩ દિવસમાં જે અહંકાર હતો અર્થાત્ જે વરુ નીકળ્યો હતો, તે એકાએક કીડી થઈ ગયો... જે હિંદુસ્તાનને અહંકારથી જોવા નીકળ્યો હતો, તે પૂરેપૂરો અહંકાર ગાયબ થઈ ગયો અને રોજ હું ડરી ડરીને ચાલતો હતો કે શું હું કાલે ચાલી શકીશ ? મારા દિલમાં આ ડર હતો અને જ્યારે પણ આ ડર વધતો હતો તો ક્યાંકને ક્યાંક, કોઈ ને કોઈ શક્તિ મારી મદદ કરતી હતી.

એક દિવસ હું દુઃખાવો સહન કરી શકતો ન હતો, ત્યારે એક નાનકડી છોકરી આવે છે, મને એક ચિઠ્ઠી આપી જાય છે... તેમાં લખ્યું હતું... Rahul, I am walking with you, don’t worry... તેણે મારા પગમાં ઈજા જોઈ અને તેણે પોતાની શક્તિ મને આપી દીધી. માત્ર તેણે જ નહીં, લાખો લોકોએ... શરૂઆતમાં જ્યારે હું ચાલી રહ્યો હતો, કોઈ કિસાન આવતો હતો, હું એકદમ તેને... પહેલા તેને મારી વાત જણાવતો હતો કે તમારે આ કરવું જોઈએ, તમારે આ રીતે કામ કરવું જોઈએ, પરંતુ એટલા બધા લોકો આવવા લાગ્યા... હજારો લોકો આવ્યા કે થોડીવાર તો હું બોલી જ શક્યો નહીં.

મારા દિલમાં બોલવાની જે ડિઝાયર (ઇચ્છા) હતી, તે બંધ થઈ ગઈ. બોલી જ ન શક્યો કારણ કે, એટલાં બધાં લોકો સાથે બોલવાનું હતું અને એક સન્નાટો છવાઈ ગયો... ભીડનો અવાજ હતો... ભારત જોડો, ભારત જોડો, ભારત જોડો અને મારી સાથે વાત કરતા હતા, તેમનો અવાજ હું સાંભળતો ગયો... દરરોજ સવારે ૬-૦૦ વાગ્યથી રાતે ૭-૮ વાગ્યા સુધી આમ આદમી, અમીર, બિઝનેસમેન, કિસાન, મજૂર... બધાનો અવાજ... તો હું ચાલતો ગયો અને તેમની વાત સાંભળતો ગયો... ત્યારબાદ એક કિસાન મારી પાસે આવ્યો અને કિસાનના હાથમાં રૂનું બંડલ હતું અને તેણે મને એ રૂનું બંડલ આપ્યું અને તેણે મારી આંખોમાં જોઈ કહ્યું- રાહુલજી, હવે આજ બચ્યું છે. મારા ખેતરમાં... મારા ખેતરમાં આજ બચ્યું છે અને બીજું કંઈ બચ્યું નથી... હું તેમને જે નોર્મલી સવાલ પૂછતો હતો- ભાઈ આપને વીમાના પૈસા મળ્યા... આ પૂછ્યું અને કિસાને મારો હાથ પકડ્યો... કિસાન મને કહે છે કે- નહીં, રાહુલજી, મને વીમાનાં પૈસા નથી મળ્યા... હિંદુસ્તાનના મોટા ઉદ્યોગપતિઓએ તે મારાથી છીનવી લીધા... પરંતુ આ વખતે વિચિત્ર થયું... જ્યારે મેં કિસાન તરફ જોયું અને તે બોલી રહ્યો હતો જે તેના દિલનું દર્દ હતું, અને દર્દ મારા દિલમાં આવ્યું... તેની આંખોમાં

જે શરમ હતી તે મારી આંખોમાં આવી... તેની જે પીડા હતી, તે મને સમજાઈ અને ત્યારબાદ યાત્રા બિલકુલ બદલાઈ ગઈ. મને ભીડનો અવાજ સંભળાતો ન હતો, મને માત્ર એ વ્યક્તિનો જ અવાજ સંભળાતો હતો જે મને વાત કરી રહી હતી. તેનું દર્દ, તેના જખમો, તેના દુઃખો... મારું દુઃખ, મારા જખમ, મારું દર્દ બની ગયું.

ભાઈઓ અને બહેનો, લોકો કહે છે કે આ દેશ છે... કોઈ કહે છે આ અલગ અલગ ભાષાઓ છે, કોઈ કહે છે આ જમીન છે મારી છે... કોઈ કહે છે આ ધર્મ છે, આ સોનું છે, આ ચાંદી છે... પરંતુ ભાઈઓ અને બહેનો, એ સચ્ચાઈ છે કે આ દેશ, એક અવાજ છે... આ દેશ એક અવાજ છે... આ દેશ, આ દેશના લોકોનો અવાજ છે... આ દેશના લોકોનું દર્દ છે, દુઃખ છે, મુશ્કેલીઓ છે અને જો આપણે આ અવાજને સાંભળશો તો આપણાં દિલમાં જે

**હા, હિંદુસ્તાનનું મર્ડર કરવામાં આવ્યું છે મણિપુરમાં... આપ દેશદ્રોહી છો... દેશભક્ત નથી... આપે મણિપુરમાં દેશની હત્યા કરી છે, વડા પ્રધાન મણિપુર નથી જતા કારણ કે તેમના માટે મણિપુર હિંદુસ્તાનમાં નથી... નરેન્દ્ર મોદીજી બે લોકોની જ વાત સાંભળે છે - અમિત શાહ અને અદાણીની : રાહુલ ગાંધી**

અહંકાર છે, આપણી જે ઈચ્છાઓ છે, આપણાં જે સપનાં છે, તેને આપણે મહાત કરવા પડશે. જ્યારે આપણે આપણાં સપનાને મહાત કરીએ છીએ, ત્યારે આપણને હિંદુસ્તાનનો અવાજ સંભળાય છે... ત્યાં સુધી આપણને હિંદુસ્તાનનો અવાજ સંભળાશે નહીં.

હવે આપ કહેશો કે, મેં 'નો-કોન્ફિડન્સ મોશન' કેમ રજૂ કરી... તેનો શું અર્થ છે કે ભારત એક અવાજ છે, લોકોનું દુઃખ છે, લોકોનું કષ્ટ છે, મુશ્કેલીઓ છે... કારણ કે ભાઈઓ અને બહેનો... તો સ્પીકર સર, ભારત એક અવાજ છે, ભારત આ દેશના તમામ લોકોનો અવાજ છે અને જો આપણે આ અવાજને સાંભળવો હશે તો આપણે અહંકારને, નફરતને મિટાવવા પડશે.

સ્પીકર સર, થોડા દિવસો પહેલાં હું મણિપુર ગયો હતો, આપણાં વડા પ્રધાન નથી ગયા... આજ સુધી નથી ગયા કારણ કે તેમના માટે મણિપુર હિંદુસ્તાન નથી. મેં 'મણિપુર' શબ્દ પ્રયોજ્યો છે, પરંતુ આજની સચ્ચાઈ છે કે મણિપુર હવે બચ્યું નથી. મણિપુરને આપે બે ભાગમાં કરી નાખ્યું છે, મણિપુરને આપે વિભાજિત કર્યું છે,  તોડી નાંખ્યું છે.

હું મણિપુરના રિલીફ કેમ્પસમાં ગયો હતો... મણિપુરના રિલીફ કેમ્પમાં મેં મહિલાઓ સાથે વાત કરી... બાળકો સાથે વાત કરી... જે આપણાં વડા પ્રધાને આજ સુધી કરી નથી... એક મહિલા મને કહે છે... મેં તેમને પૂછ્યું... બહેન, આપની સાથે શું થયું હતું ? મેં ઘણી બધી મહિલાઓ સાથે વાત કરી હતી, પરંતુ હું તમને બે ઉદાહરણ આપવા માગું છું. એક મહિલા મને કહે છે... મેં તેને પૂછ્યું હતું કે શું થયું તમારી સાથે ? તો કહે છે, ''મારો નાનકડો દીકરો...'' એક જ મારો દીકરો હતો... મારી સામે... મારી નજર સામે તેને ગોળી મારી દીધી. હું આખી રાત... આપ વિચારો... આપ આપના દીકરા અંગે વિચારો... હું આખી રાત તેની લાશ સાથે સૂતી રહી.'' જૂઠું નહીં.. જૂઠું આપ બોલી રહ્યાં છો. (ટીકા-ટિપ્પણ વચ્ચે કહ્યું...) હું નથી બોલતો ''હું આખી રાત તેની લાશ સાથે સૂતી રહી અને પછી મને ડર લાગ્યો, મેં મારું ઘર છોડી દીધું... મારી પાસે જે કંઈ હતું તે મેં છોડી દીધું.'' મેં તેમને પૂછ્યું, ''કંઈક તો લાવ્યા હશો... તો કહે છે, ''ના... માત્ર મારા કપડાં છે, એ મારી પાસે છે.'' ત્યારબાદ આમ-તેમ શોધે છે અને એક ફોટો બહાર કાઢે છે અને પછી મને કહે છે, ''આ આજ ફોટો મારી પાસે બચ્યો છે ?''

એક બીજું ઉદાહરણ... બીજા એક કેમ્પમાં  એક મહિલા મારી સામે આવે છે... હું તેમને પૂછું છું, ''તમારી સાથે શું થયું ? અને જેવો મેં તેમને સવાલ પૂછ્યો કે તમારી સાથે શું થયું... કે એ મહિલા એક જ સેકન્ડમાં ધ્રુજવા લાગ્યા. તેમણે પોતાના દિમાગમાં એ દૃશ્ય જોયું અને તેઓ બેભાન થઈ ગયા. આ મહિલા મારી સામે ધ્રુજતા બેભાન થઈ ગઈ. આમ માત્ર બે ઉદાહરણ આપને સંભળાવ્યા છે.

સ્પીકર સર, તેમણે (ભાજપે) મણિપુરમાં હિંદુસ્તાનની હત્યા કરી છે, માત્ર મણિપુરની જ નહીં... હિંદુસ્તાનની હત્યા કરી છે. તેમના રાજકારણે મણિપુરને નહીં, હિંદુસ્તાનને મણિપુરમાં મારી નાખ્યું છે... હિંદુસ્તાનની કતલ કરી છે... હિંદુસ્તાનનું મર્ડર કર્યું છે મણિપુરમાં.

જેમ મેં ભાષણની શરૂઆતમાં કહ્યું, ''ભારત એક અવાજ છે, ભારત અમારી જનતાનો અવાજ છે, દિલનો અવાજ છે... તેં અવાજની હત્યા આપે મણિપુરમાં કરી છે... ભારત માતાની આપે... મણિપુરના લોકોને મારીને ભારતની હત્યા કરી છે... તમે દેશદ્રોહી છો... આપ દેશભક્ત નથી... આપ દેશપ્રેમી નથી જ... આપ દેશદ્રોહી છો... આપે દેશની હત્યા મણિપુરમાં કરી છે...

હવે સવાલ ઊભો થાય છે... એટલા માટે વડા પ્રધાન મણિપુરમાં નથી જઈ શકતા, કારણ કે, તેમણે મણિપુરમાં દેશની હત્યા કરી છે...હિંદુસ્તાનની હત્યા કરી છે મણિપુરમાં... મણિપુરના લોકોના દિલમાં... સવાલ ઊભો થાય છે... આપ ભારત માતાના રખેવાળ નહીં... આપ ભારત માતાના હત્યારા છો...

(ટીકા-ટિપ્પણ અને રોક-ટોકનો જવાબ આપતા કહ્યું) હું આપણી ભારત માતાની હત્યાની વાત કરી રહ્યો છું. હું આદરપૂર્વક કહું છું, આપે મારા માતાની હત્યા કરી છે મણિપુરમાં. એક મારા માતા અહીં બેઠા છે... બીજા માતાની આપે મણિપુરમાં હત્યા કરી છે અને જ્યાં સુધી આપ દરરોજ થઈ રહેલી હિંસાને બંધ નહીં કરો, ત્યાં સુધી આપ મારી માતાની હત્યા કરી રહ્યાં છો. હિંદુસ્તાનની સેના મણિપુરમાં એક દિવસમાં શાંતિ લાવી શકે છે. હિંદુસ્તાનની સેનાનો આપ ઉપયોગ કરતા નથી કારણ કે આપ હિંદુસ્તાનને મણિપુરમાં ખતમ કરવા માગો છો.

જો નરેન્દ્ર મોદીજી હિંદુસ્તાનનો અવાજ સાંભળતા નથી, જો હિંદુસ્તાનના દિલનો અવાજ નથી સાંભળતા, તો કોનો અવાજ સાંભળે છે ? બે લોકોનો અવાજ સાંભળે છે. કોનો અવાજ સાંભળે છે અને તેઓ એટલા માટે સાંભળે છે, (તસવીર બતાવતા કહ્યું) જોઈ લો અદાણીજી માટે મોદીજીએ શું કામ કર્યું છે... પહેલા આ જોઈ લો, આ પાછળથી... રાવણ બેજ લોકોનો અવાજ સાંભળતો હતો- મેઘનાદ અને કુંભકર્ણ... એજ રીતે નરેન્દ્ર મોદી બે લોકોને સાંભળે છે - અમિત શાહ અને અદાણી...


ભાઈઓ અને બહેનો, લંકાને હનુમાનજીએ સળગાવી નહોતી, લંકાને રાવણના અહંકારે સળગાવી હતી... રામે રાવણને માર્યો નહોતો... રાવણના અહંકારે રાવણને માર્યો હતો... તમે સમગ્ર દેશમાં કેરોસીન છાંટી રહ્યા છો. આપે મણિપુરમાં કેરોસીન છાંટ્યું અને પછી ચિનગારી લગાવી દીધી, હવે આપ હરિયાણામાં આ કરી રહ્યાં છો... સમગ્ર દેશને આપ સળગાવવામાં લાગેલા છો. આપ સમગ્ર દેશમાં ભારત માતાની હત્યા કરી રહ્યાં છો.

ધન્યવાદ સ્પીકર સર... ■

(સૌજન્ય : સેક્રેટરી, કોમ્યુનિકેશન વિભાગ, એઆઈસીસી)








मई 2022 से होम लोन EMI मे
|अगस्त 23 तक 20% की बढ़ोतरी !
2.5lakh Home loan Subsidy
2014 6.25%
2023 19.50%
2.5LAKH
www.truejournalist.com


जुगाड़ ऐसा करो की 4
लोगों को चाय पिला सको


जो तुमको हो पसन्द
वो ही बात कहेंगे
तुम दिन को अगर रात कहो
तो हम रात कहेंगे
जो तुमको हो पसन्द
वो ही बात कहेंगे।
NEWS


तुम्हारा पेट तो तल्वे चाटने
से भर जाता है
लेकिन इतनी महगाई में
अपने बच्चों को क्या खिलाऊँ
राशन,तेल,गैस
सब महंगा कर दिया
!!?
अंधभक्त


अरे मगरमच्छ
प्रधान सेवक जी कहाँ
जा रहें हैं आप?
जनता सिंह,
मानसून सत्र चल रहा है।
सोच रहा हूँ,वहाँ भी कुछ
आंसू बहा दूँ।


2014
2021
TODAY


Happy
Raksha
Bandhan
રક્ષાબંધન
નિમિત્તે હાર્દિક શુભકામના...
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Published on every 5th and 20th every month

















ભારતીય સ્વાતંત્ર્ય દિવસ નિમિતે કોંગ્રેસના મુખ્ય કાર્યાલય પર યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમ





શહીદ મહીપાલસિંહ વાળાને પુષ્પાંજલી અર્પણ કરતા શક્તિસિંહ ગોહિલ

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.